# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-05-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

--------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# POSHAN PAKHWADIYA

રાજ્યમાં 9 થી 23 એપ્રિલ દરમિયાન યોજાયેલા પોષણ પખવાડિયામાં 73 લાખ 14 હજારથી વધુ પોષણલક્ષી પ્રવૃત્તિઓ કરવામાં આવી છે. સત્તાવાર યાદીમાં મહિલા અને બાળ વિકાસ મંત્રી ડો. મનીષા વકીલે જણાવ્યું, રાષ્ટ્રીય સ્તરે કુલ પ્રવૃત્તિઓમાં ગુજરાતે 10 ટકાથી વધુ યોગદાન આપી વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે. આમ, પોષણ પખવાડિયા-2026 અંતર્ગત ગુજરાત દેશમાં ચોથા ક્રમે રહ્યું છે. રાષ્ટ્રીય સ્તરે થયેલી કુલ પ્રવૃત્તિઓમાં ગુજરાતનું યોગદાન 10.77 ટકા રહ્યું છે.

# WEATHER

રાજ્યના વાતાવરણમાં આજે અચાનક પલટો આવ્યો છે. કેટલાંક જિલ્લામાં આજે કમોસમી વરસાદ થયાના અહેવાલ છે. આજે દાહોદના ફતેપુરામાં પોણા ઇંચ, સુખસર અને ઝાલોદમાં અડધો ઇંચ વરસાદ નોંધાયો.

મહીસાગર જિલ્લાના સંતરામપુર અને ખાનપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. 2 દિવસની ગરમી બાદ આજે વરસાદ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. અરવલ્લી જિલ્લામાં અચાનક વરસાદ પડ્યો છે. સાંભળીએ અમારાં પ્રતિનિધિનો અહેવાલ.

(VOICE CAST : ANKIT CHAUHAN)

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના અકાળા, મોકાસર, પાંચવડા ગામોમાં અને બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાનાં અણીયાળી કસ્બાતી ગામે કરા સાથે વરસાદ થયો. કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના ગામોમાં પણ પવન સાથે વરસાદી ઝાપટા પડ્યા. ડાંગ જિલ્લાના ગિરિમથક સાપુતારા સહિત તળેટી વિસ્તારોના આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાતા ખુશનુમા માહોલ સર્જાયો.

# SURENDRANAGAR KHANIJ

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાના ડુંગરોમાંથી મોટા પ્રમાણમાં ખનીજ ચોરી સામે આવી છે. ચોટીલાના નાયબ કલેક્ટર એચ.ટી.મકવાણા અને તેમની ટીમે મોડી રાત્રે ચેકિંગ હાથ ધરીને કાંધાસર અને સાંગાણી ગામો વચ્ચેથી ખનીજ ચોરી ઝડપી એક કરોડ 50 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ અંગે શ્રી મકવાણાએ વધુ માહિતી આપી.

**(BYTE : H T MAKWANA, DY. COLLECTOR)**

# PANCHMAHAL ACCIDENT

પંચમહાલમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર ગોધરાના ભાટપુરા પાસે એક કાર અને અજાણ્યા વાહન વચ્ચે થયેલા અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે. જેમાં મહીસાગર જિલ્લાના એક જ પરિવારના ત્રણ સભ્યોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે 14 વર્ષની કિશોરીનો આબાદ બચાવ થયો છે. ખાનપુર તાલુકાના મુડાવડેખ ગામનો પરિવાર સુરતથી કાર દ્વારા પોતાના વતન પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન ગોધરાના ભાટપુરા પાસે તેમની કાર કોઈ અજાણ્યા વાહન સાથે અથડાઈ હતી.

# VADODARA DEATH

વડોદરાની મહીસાગર નદી પર આવેલ કોટના બીચ પર ન્હાવા પડેલા બે લોકોના મોત થયા છે. આજે વહેલી સવારે કોટના બીચ પર ન્હાવા ગયેલા ૭ વ્યક્તિઓમાંથી બે વ્યક્તિ ડૂબી ગયા હતાં. આ ઘટનામાં નંદેસરી પોલીસ અને ફાયરની ટીમે રેસ્ક્યુ કરી બે મૃતદેહોને બહાર કાઢી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# DAMAN COAST GUARD

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં આજે ભારતીય તટરક્ષકના “શૂરવીર ઓડિટોરિયમ” નું ઉદ્ઘાટન કરાયું. આ પ્રસંગે આસામ રાઈફલ્સના સુબેદાર પી. એમ. મોસેસ, તટરક્ષક પશ્ચિમ ઝોનના કમાન્ડર અને આઈજી ભીષ્મ શર્મા ઉપસ્થિત રહ્યા. અંદાજે 300 લોકોની ક્ષમતા ધરાવતું આ આધુનિક ઓડિટોરિયમ શિક્ષણ, પ્રોફેશનલ ઈવેન્ટ્સ તેમજ વિવિધ કાર્યક્રમો માટે ઉપયોગી બનશે.

# SPECIAL TRAIN

ભાવનગર યાત્રિયોની સુવિધા તેમજ "ફાગણ ફેરી"ના અવસરે પાલીતાણા જૈન મંદિર ખાતે આવનારા શ્રદ્ધાળુઓની ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા વિશેષ ભાડા પર પાલીતાણા અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે એક સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવાશે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા મુજબ, બાંદ્રા ટર્મિનસથી પાલીતાણા જતી બાંદ્રા–પાલીતાણા સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન આવતીકાલે બાંદ્રા ટર્મિનસથી બપોરે 12.15 વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે 5.10 વાગ્યે પાલીતાણા પહોંચશે.

તે જ રીતે પરત ફરતી પાલીતાણા–બાંદ્રા સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન 8 મેના રોજ પાલીતાણાથી સાંજે 5 વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે 7.25 વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.